વત્સલા પૂજાનો થાળ લઈ શિવમંદિરમાંથી નીકળી. થાળ ઉતાવળે પાળે મૂક્યો. ખોરડું અને ખેતર વટાવીને ટીલે જઈ પહોંચવા ઉગમણી દિશા પકડી. ટીલા પરથી લાંબી નજરે જોતાં ચંદ્રપુર ગામનું પાદર દેખાતું. કોઈ આવનારનાં એંધાણ ત્યાંથી જ મળતાં.

વેગમતી નદીને કાંઠે નાનકડું શિવમંદિર. એમાં નાનકડા ગામના નાનકડા ભગવાન બિરાજે. બાજુમાં આખું ચોમાસું વેગમતી નદી એના નામને સાચું ઠેરવતી હોય એમ વહેતી અને શિયાળો વીતે ત્યાં લગી નદીનાં પાણીની ગતિ મંદ પડતી જતી. પછી તો માત્ર એની ખળખળ શિવમંદિરની પાછલી ભીંત પર અભિષેક કરતી. બિસ્માર મંદિરના પથ્થરો સદીઓ જૂના. કોઈ કાળે કદાચ મંદિરની રોનક હશે, પણ આજકાલ રડ્યાખડ્યા વટેમાર્ગુ સિવાય અહીં કોઈ આવતું નથી. મંદિરને અડીને વત્સલાનું ખોરડું.

ટીલા તરફ જતી વત્સલાને ઘોડાના પગની ખરીના અવાજો સંભળાયા. વત્સલાને ઉગમણી દિશામાંથી, ગામ તરફથી આવનારની પ્રતીક્ષા હતી, પણ અવાજ તો આથમણી દિશાના વગડા તરફથી આવતો હતો. કોણ હશે આ ટાણે? વત્સલાએ પાછળ ફરી નજર નાખી. બસો હાથ દૂર લાલ વસ્ત્ર પહેરીને આવતા અસવારને જોઈ એ સમજી ગઈ કે આ તો કંપની સરકારનો કોઈ હિંદુસ્તાની સૈનિક! માલવપુરથી સૂરજગઢ જઈ રહ્યો હશે. કોણ જાણે કેમ, મહિના પહેલાં આ 1915નું અંગ્રેજી વરસ બેઠું ત્યારથી આ દેશી સૈનિકોની અવરજવર પણ વધતી જતી હતી.

શિવમંદિરથી ચંદ્રપુર ગામ ઉગમણી દિશામાં એકાદ ગાઉ દૂર હશે. ચંદ્રપુર ગામથી સામે દખણાદે કિનારે જવું હોય તો કંપની સરકારે બાંધેલો પથ્થરિયો પુલ પસાર કરીને જવાય. આજકાલ બધા પુલનું નામ વિક્ટોરિયા

પુલ, પણ ગ્રામવાસીને મન જૂના એ લક્કડિયા પુલ ને નવા એ પથ્થરિયા પુલ! પુલને સામે કિનારે સૂરજગઢ ગામ વસેલું. બન્ને ગામનાં કદમાંય સૂરજ અને ચંદ્ર જેટલો તફાવત. પહેલાં તો કદાચ સૂરજગઢ ગામ સૂરજપુર જ કહેવાતું હશે, પણ સિસોદિયા વંશના રાજાઓએ વેગમતી નદીના સામે કાંઠે ગઢ બાંધ્યો હશે ત્યારથી સૂરજગઢ નામ પડ્યું હશે.

નદીના સૂરજગઢ તરફના દખણાદા કિનારે ખાસી વસ્તી હતી, આગળ બીજા રજવાડાંની સરહદો પણ લાગતી, પણ નદીના ઓતરાદા કિનારે વગડાઉ પહાડી વિસ્તાર લાગે. ચંદ્રપુરથી આથમણી દિશામાં વીસ ગાઉ પછી પહેલું ગામ આવે તે માલવપુર. એટલે માલવપુરથી કોઈ સૂરજગઢ તરફ નીકળે તો વીસ ગાઉ સુધી વગડો પસાર કર્યા પછી પહેલું ગામ ચંદ્રપુર આવે અને આવનારે મોટે ભાગે પુલ પસાર કરી સૂરજગઢ જવાનું હોય. પણ ચંદ્રપુર આવે એના એક ગાઉ પહેલાં આ શિવમંદિર આવે. તરસ્યા ઘોડેસવારો મંદિરના ઓટલે બેસે.

સામે વહેતી નદી જોઈ પાણી પીવા વિચારે ત્યાં તો હસતીખેલતી વત્સલા એના ખોરડામાંથી દોડીને વહેતી આવે અને વટેમાર્ગુને તાંબાના લોટાથી માટલાનું પાણી પીવડાવે.

બહુ તરસ્યા હોય એ તો તરત પાણી પી લે. અમુક પાણી પીતાં પહેલાં આપનારની જાત પૂછે. 19 વરસની છોકરી કોઈ પણ જાતિની હોય રૂપાળી જ લાગે. એનું રૂપ આંખોથી તો સહુ ધરાઈને પીએ, પણ મરજાદીઓ એના હાથનું પાણી પીતાં પહેલાં ખાતરી કરે કે અભડાઈ તો નહીં જવાય ને? પણ આ બધાથી વત્સલા ટેવાયેલી હતી અને એ બાબતે બેપરવા હતી.

કાયમના ક્રમ પ્રમાણે વત્સલા ઘોડાની ટાપનો અવાજ સાંભળી ખોરડામાં જઈ લોટો પાણી લઈ આવી. ઘોડેસવાર આવ્યો. એના હાથમાં એક વીંટો વાળેલો રુક્કો હતો. વત્સલાને ખ્યાલ આવ્યો કે સૈનિક કદાચ સૂરજગઢના રજવાડાં માટે અંગ્રેજ એજંટનો કોઈ સંદેશો લઈને આવ્યો હશે.

સૈનિકે લોટાને હાથ અડાડતાં પહેલાં પૂછ્યું, “એય છોકરી! કઈ જાતની છે?”

વત્સલા કંઈ જવાબ આપે? એ તો મોટેથી બોલી, "બાપુ! આ આપણી જાત પૂછે છે!" મંદિરમાંથી એક સાઠેક વરસની કાયા બહાર ડોકાઈ એટલે વટેમાર્ગુ સૈનિકને ખાતરી થઈ કે આ તો પૂજારીની દીકરી છે!

બેફિકર થઈ પાણી પીધા પછી વટેમાર્ગુ સૈનિકે સવાલ પણ ન લાગે અને પ્રતીતિ પણ ન લાગે એ રીતે ધરાયેલો ઉદ્‌ગાર કાઢ્યો, "...તો... બ્રાહ્મણ છો તમે!"

માણેકબાપુ બોલ્યા, "ના!"

વટેમાર્ગુ વિચારમાં પડ્યો. કોઈ ખવાસિયાના ઘરનું પાણી તો નથી પિવાઈ ગયું ને! આ ઘર ઉપરાંત શિવમંદિરથી સો હાથ દૂર બીજા બે ઘર દેખાય છે. એ પૂછે છે, "પેલા દેખાય તે ખવાસનાં ખોરડાં છે?"

"હા, એ બન્ને ખોરડાં ખવાસનાં છે!"

"અને આ?" વટેમાર્ગુની નજર હવે વત્સલાના ખોરડા પર ઠરે છે. દરવાજાની બાજુમાં લટકેલી કટાયેલી કટારી, એક ખાટલી અને એક હુક્કો નજરે ચડે છે. ઘર દરિદ્રતાની ચાડી ખાય છે, પણ ઘર ખવાસનું નથી લાગતું.

મંદિરના તૂટેલા ઓટલે આસન જમાવતાં માણેકબાપુ બોલ્યા, "બેસો ઘડીક!"

સૈનિકે બેસવું નહોતું. "જવાબ ન આપ્યો, કોનું ખોરડું છે આ?"

એ જ પળે મંદિરની ધજા પરથી એક કબૂતર ઊડીને એક વીઘાના નાનકડા ખેતરને પસાર કરીને ટીલા પર એકલવાયા ઊભેલા ખીજડાના ઝાડ પર જઈને બેઠું.

"આ કબૂતરે ઊડીને આવર્યું એટલું મારું રજવાડું! આ મંદિરની ધજા મારી નહીં, પેલો ખીજડો મારો નહીં, પણ એ બે વચાળેનું આ વીઘું મારું! ખવાસની બાજુમાં રહું છું. પૂજારી જેવો લાગું છું, ખેતી કરીને પેટિયું ભરું છું, પણ છું રાજપૂત!"

છેલ્લા બે કામના શબ્દો પર ધ્યાન આપી સૈનિકે ઘોડો પલાણ્યો.

માણેકબાપુને લાગ્યું કે એની આવી મજાની વાતો સાંભળીને તો સામે વેલા પર લાગેલી કૂણી કાકડીઓય હસી પડે, પણ આ સૈનિક તો જવાબદારીની ભાર નીચે હસવાનુંય ભૂલી ગયો લાગે છે.

એકાંત સ્થળે રહેનારાંને વાત કરનારું મળે તો એ તો કસુંબો જમાવે, અવનવી વાતો ઘડે અને ટાણું હોય તો મે'માન માટે બે રોટલાય ઘડી દે! સાધુબાવા કે ભગત હોય તો રોકાઈ પણ જાય, પણ આ તો સૈનિક હતો. ઉતાવળમાં હતો. ઘોડો પલાણી એની પીઠ પર એડી મારી, વેલા પરથી બે કાકડી તોડીને નીકળ્યો. ઘડી ભરમાં તો પોતે જ ઉડાડેલી ધૂળના ગોટા પાછળ અદૃશ્ય થઈ ગયો.

વત્સલા ફરી ટીલા તરફ જવા લાગી. માણેકબાપુને પણ કંઈ કામ યાદ આવ્યું, સૈનિકની પાછળ માણેકબાપુય હાલી નીકળ્યા.

"હું શાહુકારને ન્યાં જાઉં છું!"

'શાહુકાર' શબ્દ સાંભળી ટીલા તરફ જઈ રહેલી વત્સલાની ચાલ ખોડંગાઈ.

વત્સલાની તેજ નજર પડે એ પહેલાં માણેકબાપુએ ઝડપથી કાપડની એક નાની પોટલી કમરપટ્ટાની અંદર ફસાવી, પણ ચકોર વત્સલા સમજી ગઈ કે એની મરેલી માનું છેલ્લું ઘરેણું વ્યાજ તરીકે શાહુકારને ત્યાં જઈ રહ્યું હતું. વીઘું બચાવવું કે ઘરેણું? એ સવાલનો જવાબ બહુ સીધો હતો.

વત્સલાએ બાપુ સામે એક ક્ષણ જોઈ, તરત નજર ફેરવી લઈ એમને મૂંગી રજા આપી અને આંખ મંદિર તરફ ફેરવી. મંદિરના ગભારાની ધસી પડતી દીવાલ જોઈ એને થયું કે કપરા કાળ સામે ભગવાન પણ અસ્તિત્વ ટકાવવા મથી રહ્યા હતા, ત્યાં ઇન્સાનનું શું ગજું? ચોમાસું નબળું ગયું હતું. અનાજ ખાસ થયું નહીં. તોય ચાર માસમાં બસ બે-ચાર દા'ડા છલકાયેલી વેગમતી નદીનું પાણી ખોરડાની પાછલી નબળી દીવાલને પડકારી રહ્યું હતું.

સૂરજપુર શાહુકારને મળવા જતા માણેકબાપુની પીઠને વત્સલા તાકી રહી. વત્સલાએ સહેજ અકળામણથી સૈનિકે અડધી ખાઈને ફેંકેલી કાકડી

ઉઠાવીને કબૂતરના માળા તરફ ફેંકી. નવી ઊગી રહેલી કાકડીઓ તરફ નજર નાખી એ ટીલા તરફ દોડી. રોજની જેમ રાહ જોવા.

ટીલે જઈ વત્સલાએ જોયું કે શાહુકારને મળવા જઈ રહેલા માણેકબાપુની દીવાલ જેવી પીઠ હવે ટપકા જેવી દેખાતી હતી. બાપુ દેખાતા બંધ થયા એટલે વત્સલા ટીલા પર ખીજડાના ઝાડની નીચેના પથ્થર પર બેઠી. એ પથ્થર એટલે વત્સલાનું સિંહાસન! અહીંથી ચંદ્રપુરનું પાદર દેખાતું, પણ ગામથી અહીં મંદિર સુધી આવતો કાચો રસ્તો ઝાડીઓમાં ઢંકાઈ જતો. તોય ઘોડાના પરિચિત પદચાપ સંભળાતાં જ એને ખ્યાલ આવી ગયો કે એ જેની રાહ જોઈ રહી છે એ આવી રહ્યો છે.

એની રાહ જોવા માટે આ ટીલે ચડવું જરૂરી હતું, પણ એ આવી જાય પછી ફરી પાછા મોટા પથ્થરો પરથી ઊતરીને નીચે વહેતી નદીના પટમાં પગ બોળીને બેસવાનું જ એ બન્નેને ગમતું.

એ એટલે વીરસિંહ! નદીનો એ વહેળો એટલે વીર અને વત્સલાનું રજવાડું.